# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર : –**

**વિષયઃ કોવિડ–૧૯ સંક્રમણ અટકાવવા તેમજ વેક્સીનેશન અને રક્તદાન કાર્યમાં સહભાગી થવા બાબત**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તથા તમામ અધ્યાપકશ્રીઓને જણાવવાનું કે, પ્રવર્તમાન સમયમાં કોવિડ–૧૯ના સંક્રમણ અને તેના કારણે નિર્માણ પામેલી અરાજકતાની પરિસ્થિતી અન્વયે વહિવટી તંત્ર દ્વારા અનેક પ્રયાસો થઈ રહ્યા છે. ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ચાર જિલ્લાઓ જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાની ૧૬૨ જેટલી કોલેજોના એક લાખ જેટલા વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓના સામાજિક દાયિત્વ તેમજ સમાજ સેવાના ઉમદા પ્રકલ્પના ભાગરૂપે મા.કુલપતિશ્રીના દૂરોગામી વિચારો તેમજ તા.૩૦/૦૪/૨૦૨૧ના રોજ યોજાયેલ ઓનલાઈન બેઠકમાં થયેલ ચર્ચાને અંતે નીચે મુજબ કાર્ય પ્રણાલી નક્કી કરવામાં આવે છે.

- તા.૦૧/૦૫/૨૦૨૧ થી તા.૦૫/૦૬/૨૦૨૧ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા વેકેશન જાહેર કરવામાં આવેલ છે. આ વેકેશન દરમ્યાન કોલેજો/ભવનોના વડાની રાહબરી હેઠળ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોને સ્વેચ્છાએ કોવિડ–૧૯ના સંક્રમણને અટકાવવા નોન–મેડીકલ મદદમાં સહભાગી થવાનું સૂચન છે.
- કોરોના સામેની લડાઈમાં હાલમાં વેક્સીનેશન એ માત્ર એક જ ઉપાય છે ત્યારે કોલેજો/વિભાગો દ્વારા **NCC/NSS**ના વિદ્યાર્થીઓ તેમજ અન્ય સ્વયં ઉત્સાહી વિદ્યાર્થીઓના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારોમાં જઈ લોકોને તેમાં પણ ખાસ કરીને વૃધ્ધો તેમજ મહિલાઓને રસીકરણ માટે પ્રશિષ્ટ સમજ અપાય, તેની જરૂરીયાત સમજાવાય તેવું આયોજન કરવું. દરેક વિદ્યાર્થીએ પોતાની શેરી/વિસ્તાર/વોર્ડના લોકોને મળીને રસીકરણનું મહત્વ સમજાવી તેમનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી ટોકન નંબર મેળવવા સુધીની કામગીરી સુનિશ્ચિત કરે તેમજ તંત્ર દ્વારા જયારે જે તે વ્યકિતનો રસીકરણ માટેનો વારો આવે ત્યારે તેને રસીકરણ કેન્દ્ર સુધી પહોચાડવામાં સહભાગી થાય તેવું આયોજન કરવું.
- આપણી યુનિવર્સિટીના લગભગ એક લાખ જેટલા વિદ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન કરાવે તેમજ તેના પરિવારના તમામ સભ્યોનું પણ રજીસ્ટ્રેશન કરાવે તેવી જવાબદારી વિદ્યાર્થીઓને સોંપવી.
- રસીકરણ બાદ ૬૦ દિવસ સુધી સામાન્યતઃ રક્તદાન કરી શકાતુ નથી, આ બાબતને લક્ષ્યમાં લઈ ભવિષ્યમાં બ્લડની જરૂરીયાત પડે ત્યારે આપણો મોટા ભાગનો યુવા વર્ગ વેક્સીનેટેડ હોય તો બ્લડ ડોનેટ કરી શકે નહી. તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે રસીકરણ કાર્યક્રમ શરૂ થાય તે પૂર્વે દરેક સંસ્થાએ સ્વેચ્છાએ નજીકના વહિવટી તંત્ર/આરોગ્ય વિભાગ/સમાજ સેવા કરતી સામાજીક સંસ્થાઓના સહયોગથી પ્રચાર–પ્રસાર કરી રક્તદાન કેમ્પનું આયોજન કરવું.
- સમગ્ર સોરઠ વિસ્તારમાં સામાજિક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા આઈસોલેશન સેન્ટર તથા ભોજન વગેરે વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે, ત્યાં વિદ્યાર્થીઓને રાષ્ટ્ર સેવાના ભાગરૂપે આવા કપરા કાળમાં સમાજ ઉપયોગી બનવાની પ્રેરણા આપી સ્વેચ્છાએ કાર્યમાં જોડાવવાં પ્રોત્સાહિત કરવા.
- આપની સંસ્થા, અધ્યાપકો, વિદ્યાર્થીઓ દ્વારા કે અન્ય કોઈ રીતે રસીકરણ માટે જેટલા રજીસ્ટ્રેશન થાય તેની વિગત https://forms.gle/UkqELdGiNV6Yjy6C7 ગુગલ ફોર્મથી દરરોજ અપડેટ કરવી અથવા વિદ્યાર્થીઓ પાસેથી અપડેટ કરાવવી.

- આપની સંસ્થા, અધ્યાપકો, વિદ્યાર્થીઓ દ્વારા કે અન્ય કોઈ રીતે જેટલા રક્તદાન કેમ્પ થાય તેની સંપૂર્ણ વિગતો ફોટા સાથે યુનિવર્સિટીના એકેડેમિક વિભાગને academicbknmu@gmail.com ઈમેઈલ ઉપર મોકલી આપવાની રહેશે, તેમજ તેની વિગત https://forms.gle/sZkt8TfZpu2o4XEk8 ગુગલ ફોર્મથી અપડેટ કરવી.
- સોશ્યલ મીડીયાના માધ્યમથી વધુમાં વધુ લોકોમાં હકારાત્મક વિચારો પ્રસરે તેવા પ્રયત્નો કરવા.વેકસીનેશન તેમજ રક્તદાન કેમ્પ અન્વયે કરાયેલ કામગીરીને અપલોડ કરવી.
- યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ માનસિક સલાહ કેન્દ્રોની માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડવી અને વિદ્યાર્થી દ્વારા આ કેન્દ્રો વિષયક માહિતી સમાજમાં પહોચાડવાની કાર્યવાહી કરવી.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ પરીવારના સદસ્ય તરીકે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ દ્વારા કોરોના મહામારીમાં વહિવટી તંત્ર સાથે મળી તેમના આયોજનમાં સહાયરૂપ ભૂમિકા ભજવવા આપશ્રીની કક્ષાએથી યુવા વિદ્યાર્થી ભાઈઓ/બહેનો તેમજ અધ્યાપકોને સ્વેચ્છાએ આ રાષ્ટ્ર હિતના સેવારૂપી યજ્ઞમા જોડાવા તથા પરિણામલક્ષી કાર્યો કરવા અનુરોધ કરવામાં આવે છે.

***"જન સેવા, રાષ્ટ્ર સેવા એજ પ્રભુ સેવા"***

**કા. કુલસચિવ**

**નં. :બીકેએનએમયુ/રજી/ ૧૧૩/૨૦૨૧**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૩૦/૦૪/૨૦૨૧

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)